હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

બહેન અત્યારે તો ડેલ્ટા વાળી જ ડિઝાઈન ચાલે છે... એમિક્રોન પ્રિન્ટ આવતા વાર લાગશે...!!

પ્રોસેસિંગ અને પેકેજીંગ ઉદ્યોગ માટે આંતરરાષ્ટ્રીય વેપાર મેળો ખુલ્લો મુકાયો

સે-૧૭ એકઝિબ્યુશન સેન્ટર પર દેશના પેકેજીંગ ઇન્ડસ્ટ્રીઝના અગ્રણીઓનો જમાવડો

ગાંધીનગર તા ૩

પેકેજીંગ મશીનરી મેન્યુફેકચરર્સ ઓફ ઈન્ડિયા , પી એચ ડી ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને મેસે મુઈચેન ઈન્ડિયા દ્વારા ગાંધીનગર ખાતે પ્રોસેસિંગ અને પેકેજીંગ ઉદ્યોગ માટે આંતરરાષ્ટ્રીય સે-૧૭ સ્થિત એકઝિબ્યુશન સેન્ટર ખાતે લોન્ચ કરાયો છે.જેમાં સમગ્ર વિશ્વમાંથી પેકેજીંગ ઈન્ડસ્ટ્રીઝના અગ્રણીઓએ હાજરી આપી હતી.

પેકેજીંગ મશીનરી મેન્યુફેકચરર્સ ઓફ ઈન્ડિયાના પ્રમુખ ડો શરાયુ સાવંતએ આ અંગે જણાંવ્યુ હતુ કે પેકેજીંગ મેન્યુફેકચર્સ ના હીતોને પ્રોત્સાહન આપે છે. સરકાર અને ઉદ્યોગ સાથે સંબંધિત વિવિધ મંત્રાલયો સમક્ષ સુક્ષ્મ સ્તરના હીતધારકોનુ પ્રતિનિધિત્વ કરે છે. અમે વૈશ્વિક સ્તરે પેકેજીંગ સમુદાય માટે વધુ સારી પહોંચ જોવાનુ લક્ષ્ય રાખીએ છીએ.છેલ્લા કેટલાક વર્ષોમાં ઉદ્યોગોમાં બહુવિધ નવીનતાઓ

જોવા મળી છે. ખાસ કરીને કોવિડ એન્ટી માઈક્રોબાયલ અને એન્ટીવાયરલ પેકેજીંગ હાઈબ્રીડફિલ્મો અને લેમિનેટ ટકાઉપણું અને સેલ્ફ લાઈફ વધારવામાં મદદ કરવા પેકેજીંગ નવીનતાઓને સમર્થન આપે છે. આ ઉદ્યોગ સતત ફરતો રહે છે અને વિવિધ પાસાઓ પર અપગ્રેડ કરી રહ્યો છે. આ તબક્કે પી એચ ડી ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ પ્રદિપ મુલતાનીએ જણાંવ્યુ હતુ કે પેક મેક એશિયા ૨૦૨૨૨ નુ આયોજન કરવા માટે ઈન્સ્ટિટ્યુટ ઓફ પેકેજીંગ મશીનરી મેન્યુફેકચરર્સ ઓફ ઈન્ડિયાએ એમ એમ આઈ સાથે વ્યુહાત્મક જોડાણ કરવુ એ ખરેખરે આનંદની વાત છે. એકસ્પોમાં મશીનરી ઉત્પાદકોને ભાગ લેવાનો છે. જે તેમને તેમની નિકાસ વધારવા માટે સક્ષમ બનાવશે. સરકાર વારંવાર નિતીઓમાં ફેરફાર કરતી રહી છે. ઉદ્યોગોને ખાતરી નથી કે આગળ જતા કયા નિર્ણયનો અમલ કરવામાં આવશે. તમામ કાચા માલ પર ફરજિયાત બી આઈ એસ કાયદાએ કાચા માલના પ્રોસેસરોને અનિશ્ચિતતામાં ધકેલી દીધા છે. ચોક્કસ કાચો માલ આયાત કરવો પડે છે. રોગચાળાને કારણે આંતરરાષ્ટ્રીય ફલાઈટસ વિના સામગ્રીને સ્રોત કરવામાં ૧૨ મહીના જેટલો સમય લાગે છે. એમ એસ એમ ઈ કમિશ્નર રંજીવકુમારે આ અંગે જણાંવ્યુ હતુ કે ગુજરાત દેશમાં નોંધપાત્ર મલ્ટી પ્રોડક્ટસ કલસ્ટર બન્યુ છે. જયારે પેકેજીંગ ઉદ્યોગ અને રાજયના વિકાસમાં નોંધપાત્ર ભુમિકા ભજવશે. અધિક મુખ્ય સચિવ અરૂણકુમારે પણ પ્લાસ્ટીક પેકેજીંગ થોડા વર્ષોથી મોટાપાયે ટેકનોલોજીકલ પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યો છે જે લાંબા ગાળે ભારતીય સાહસો માટે મોટી તક સાબિત થશે. કારણ કે નિકાસમાં આપણો હીસ્સો વધવા માટે બંધાયેલો છે.

ખૂણેખાંચરેથી

- સે. ૭-સી માં પ્લોટ નં. ૯૯૯/૧ નજીક પાણીની પાઈપલાઈનના લિકેજથી અહિ પાણી ભરાઈ રહેવાની સાથે મચ્છરજન્ય રોગચાળાનો ભય ઉભો થયો છે તેમજ પાણીનો વેડફાટ થઈ રહ્યો હોવાથી વસાહતીઓ ચિંતાતુર બન્યા છે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોના વેક્સિનેશન અભિયાનમાં આજે ૯૮૦૦ થી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા છે. શહેરમાં ૨૪૬૨ લોકોને તો ગ્રામ્ય વિસ્તારમાં ૭૩૪૯ લોકોને આવરી લેવાયા હતા.
- પેથાપુરના સેવાસેતુમાં આજે ૨૫૯૩ અરજીઓ મળી હતી જેનો સ્થળ પર નિકાલ કરવામાં આવ્યો છે.
- સે. ૬ માં સાઈન બોર્ડમાં ગરબડ ગોટાળા અને અડધા પ્લોટોના સાઈન બોર્ડ નહિ લાગ્યાની ફરિયાદો ઉઠવા પામી છે.
- રાજયના ૧૬ જેટલા ગુજરાત વહીવટીય સેવાના અધિકારીઓને સનદી સેવામાં બઢતી અપાઈ છે. ગાંધીનગર જિલ્લામાં અગાઉ સેવા બજાવી ચુકેલા સુશ્રી જયશ્રીબેન દેવાંગન અને પી.એન. મકવાણાને બઢતી મળી છે.
- નિરામય ગુજરાત અભિયાનમાં રાજયના ૮ મહાનગરોમાં ગાંધીનગર મનપા દ્વારા દર્દીઓની સ્ક્રીનીંગની સારી કામગીરીને આજે રાજયના આરોગ્ય કમિશનર શિવહરેએ વિડીયો કોન્ફરન્સ દરમ્યાન બિરદાવી અને અભિનંદન આપ્યા હતા.
- ગાંધીનગર જિલ્લામાં વિવિધ સરકારી શાળામાં ધો. ૧ થી ૮ માં ભણતા ૧૨૫૯ જેટલા દિવ્યાંગ બાળકો પૈકી ૬૩૯ બાળકોને વિવિધ સહાય મંજૂર થઈ છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે અધિકારીઓની બનેલી જાતીય સતામણી સમિતિની બેઠક મળી હતી.
- ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી દ્વારા ૨૦મી ડિસેમ્બર-૨૧થી સભાસદોને ગિફ્ટ વિતરણ ચાલુ કરશે.

સંકુલ સાદરામાં ગાંધી યુવા બિરાદરી સાપ્તાહિક કાર્યક્રમનું આયોજન કરાયું

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ સાદરામાં આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે સંકુલના યુવા વિદ્યાર્થી ભાઈઓ બહેનો અને સંકુલ આજુબાજુની પ્રાથમિક શાળાના બાળકો ગાંધી વિચારને જાણે અને જીવનમાં ઉતારે તે અર્થે ગાંધી ગીતો, આઝાદીના ગીતો, શૌર્યગીતો, પ્રભાતફેરીનાં ગીતો ગવડાવવાની તાલીમ આપવાનું તેમજ ગાંધીજીવન પ્રેરક પ્રસંગોનો વાર્તાલાપ કરવાનું આયોજન સંકુલના સંયોજક પ્રા. રમેશભાઈ પટેલના આયોજન થકી કરવામાં આવ્યું. જે અંગેનું સંપૂર્ણ માર્ગદર્શન કુલનાયક ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણી દ્વારા પુરૂ પાડવામાં આવ્યું હતુ. ગાંધી યુવા બિરાદરી સાપ્તાહિક કાર્યક્રમના મુખ્ય વક્તા અને તાલીમ આપવાનું બેનમૂન કરનાર, સ્પષ્ટ વક્તા એવા રમેશચંદ્ર શર્મા કરશે. બી.એ.એમ.એ. વિભાગ, વ્યાયામ મહા વિદ્યાલય અને શૂક્ષ્મજીવાણું વિજ્ઞાન વિદ્યાશાખાની છાત્રાલયોની સવારની પ્રાર્થના સભામાં, બપોરની ઉપાસનામાં અને સાંજની પ્રાર્થના સભામાં ગાંધી યુવા બિરાદરીના કાર્યક્રમો હાથ ધરાયા.

મહુન્દ્રા ખાતે "તુ મને કહેવાવાળો કોણ કહી "યુવકને માથામાં ઈંટ મારી

ગાંધીનગર,.તા.૩

મહુન્દ્રા ગામ પરબડી વાસ ખાતે જાહેરમાં ગાળો બોલવાની ના પાડતા ઉશ્કેરાયેલા આધેડે બે યુવકોને ગાળો બોલીને માથાના ભાગે ઈંટ મારતા ઈજા પહોંચી હતી. બનાવ અંગે ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મહુન્દ્રા પરબડી વાસ ખાતે રહેતા ૨૩ વર્ષિય પ્રકાશ હીરાજી ઠાકોર પરિવાર સાથે રહે છે અને ખેતીકામ કરીને ગુજરાન ચલાવે છે.ત્યારે ગામના પરબડી વાસ ખાતે રતનજી ફુલાજી ઠાકોર ઘર પાસે ઉભા રહીને જાહેરમાં જેમ ફાવે તેમ ગાળાગાળી કરી રહ્યા હતા. અને કહેતા હતા કે વાસના નાગરીકો કાયર છે. તેમ કહી બધાને જાહેરમાં ગમે તેમ ગાળો બોલતા હોવાથી યુવકે કાકા કેમ જાહેરમાં ગાળો બોલો છો તો મને કહ્યું કે તુ મને કહેવાવાળો કોણ છે. તેમ કહીને ગડદાપાટુનો માર મારીને બાજુમાં પડેલી ઈંટનો ટુકડો માથાના ભાગે મારતા ઈજા થઈ હતી. બુમાબુમ થતા યુવકને છોડાવવા માટે વિનોદજી ઠાકોર આવ્યા હતા. ત્યારે રતનજી ફુલાજી ઠાકોરે તેઓને પણ માથાના ભાગે ઈંટ મારી હતી. જયારે રતનજીના દિકરા પીન્ટુ તેમજ જીગર આવી ગયા હતા. તે બંન્ને એ પણ યુવકોને જેમ ફાવે તેમ ગાળો બોલી આજે તો બચી ગયા છો. પરંતુ ફરીવાર અમારુ નામ લીધુ છે તો જાનથી મારી નાંખીશું. ત્યારબાદ માથાના ભાગે ઈજા પહોંચતા યુવકને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈને ગયા હતા. બનાવ અંગે યુવકે પોલીસ મથકે બાપ-દિકરાઓ સામે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

રૂપાલ વરદાયીની માતાજીની દાનપેટીમાંથી રૂપીયા નીકાળતો શખ્સ કેમેરામાં કેદ

ગાંધીનગર,તા.૩

રાજયના પાટનગરને અડીને આવેલા રૂપાલ ગામે સુપ્રસિધ્ધ વરદાયિની માતાજીનું મંદિર આવેલું છે. દરરોજના હજાજારો ભકતો માતાજીના ચરણોમાં શિશ નમાવી ધન્યતા અનુભવે છે. ત્યારે મંદિરના ચાચર ચોકમાં રહેલી કાચની દાનપેટીમાંથી પાતળી લાકડી કે સળીયા જેવા સાધનથી દાનપેટીમાંથી રૂપીયા બહાર કાઢી રહેલો શખ્સ સીસીટીવી કેમેરામાં કેદ થયો છે. કાચની પેટીમાંથી અંદાજીત ૫ હજારની ચોરી કરી હોવાનું સામે આવ્યું છે. બનાવ અંગે પેથાપુર પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રૂપાલ ગામે રહેતા અરવિંદ કુમાર દલપતરામ ત્રિવેદી (ઉં.૭૫) છેલ્લા અઢી દાયકાથી મેનેજર તરીકે મંદિરમાં ફરજ બજાવે છે. મંદિરમાં આવેલા કવાટર્સમાં રહે છે. મંદિરની ઓફિસ ખાતે મેનેજર તરીકે સવારના ૭ વાગ્યા થી સાંજના નવ વાગ્યા સુધી ઓફિસ ખાતે હાજર રહે છે. જયારે મંદિરમાં ચોકીદાર તરીકે વસંતગીરી ગોસ્વામી તેમજ તખાજી ઠાકોર ફરજ બજાવે છે. તે સિવાય ઉપરોકત મંદિર માટે રાત્રીના સમયે બે થી ત્રણ જીઆરડીના વ્યકિતઓ ફરજ બજાવતા હોય છે. જયારે મંદિરના ચોકીદાર મોડીસાંજના ૭ વાગ્યાથી સવારના ૭ વાગ્યા સુધી હાજર રહેતા હોય છે. જયારે મંદિર ખાતે જીર્ણોધ્ધારનું કામ વર્ષ ૨૦૧૫ થી હાથ ધર્યું છે. ત્યારે મંદિરના જીર્ણોધારમાં જે કોઈ વ્યકિતએ ગુપ્તદાન આપવુ હોય તેના માટે મંદિરના ચાચરચોકમાં કાચની દાનપેટી મુકી છે. મંદિર પરિસરમાં રહેલી દાન પેટી આશરે છ ફુટ ઉંચાઈ અને આશરે બે ફુટ પહોળાઈની છે. દાનની રકમ નાખી શકાય તેટલી માત્રામાં જગ્યા છે. દાનપેટીમાં જે શ્રધ્ધાળુઓને ગુપ્તદાન કરવાની ઈચ્છા ધરાવતા હોય તેઓએ દાન પેટીમાં દાન રોકડ નાણા નાંખતા હોય છે. ટ્રસ્ટના આગેવાનો દાનપેટી ૧૫ દિવસે કે એક મહિને ખોલતા હોય છે. ત્યારે તા.૧-૧૨-૨૧ ના રોજ મંદિરના આગેવાનોએ દાન પેટીમાં રકમ ઓછી જણાતા ટ્રસ્ટના માણસો એ દાનપેટી નજીકના ગુપ્ત કેમેરા ચેક કરતા ગત તા.૨૮ થી ૩૦ નવેમ્બર દરમિયાન રાત્રીના દરમિયાન એક અજાણ્યો વ્યકિત કાચની દાનપેટીમાંથી કોઈ પાતળી લાકડી કે સળીયા જેવાસાધનથી દાનપેટીમાંથી નાણા બહાર કાઢતો સીસીટીવી કેમેરામાં કેદ થયો છે. ત્યારે મંદિરના ચોકીદારે શખ્સાને ઓળખી બતાવ્યો હતો. દાનપેટીમાંથી ચોરી કરનાર શખ્સ રૂપાલ ગામનો અશોક ઉર્ફે બોમ્બે માણેકલાલ પટેલ હોવાનું સામે આવ્યું હતું. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઝુંપડપટ્ટીમાં અને ખુલ્લામાં રહેતા બાળકોના નસીબમાં મોંઘા રમકડાં અને મોંઘી સાઈકલો તો ક્યાંથી હોય... તેમના માટે તો હાથવગુ હોય અને સસ્તુ હોય એ રમકડું... ઉત્તરાયણ પર ક્યાંકથી લૂંટીને રાખી હોય તેવી પતંગ ચગાવી બાળકો નિર્દોશ આનંદ લઈ રહ્યા છે. આકાશમાં ઉડવાની તેમની જીજ્ઞાસા તેમની આંખોમાં દેખાઈ રહી છે.

ગાંધીનગર જિલ્લાના રોજગાર વાંચ્છુક યુવાનો માટે

આગામી ૭, ૯ અને ૧૦ ડિસેમ્બરના રોજ રોજગાર ભરતી મેળા યોજાશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લાના રોજગાર અધિકારીની કચેરી દ્વારા આગામી તા. ૭ થી ૧૦ ડિસેમ્બર, ૨૦૨૧ દરમ્યાન ગાંધીનગર જિલ્લામાં ત્રણ રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યુ છે.

રોજગારવાંચ્છુ યુવાનો વિવિધ રોજગારીની તકોથી વંચિત ન રહે તથા નોકરીદાતાઓને રોજગાર કચેરી દ્વારા સતત કુશળ માનવબળ પ્રાપ્ત થઈ શકે તેવા ઉમદા આશયથી આગામી તા. ૭ થી ૧૦ ડિસેમ્બર, ૨૦૨૧ ગાંધીનગર જિલ્લાના યુવાનો માટે રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તા. ૭મી ડિસેમબર, ૨૦૨૧ના રોજ ટેક મહિન્દ્રા વિ. બ્લોક નંબર-૪ ચોથોમાળ, ઈન્ફોસીટી, ગાંધીનગર ખાતે સવારના ૧૦ કલાક ભરતી મેળો યોજાશે તેમજ તા. ૯ મી ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ કોસમોસ મેનપાવર પ્રા.લિ. મધુર ડેરીની બાજુમાં જીઆઈડીસી, સેક્ટર-૨૫ અને તા. ૧૦મી ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ એમટેક ઈન્ડિયા પ્રા.લિ. ઈ-૬ ઈલેક્ટ્રોનિક ઝોન, જીઆડીસી, સેક્ટર-૨૬ ખાતે રોજગાર ભરતી મેળો યોજાશે. આ બન્ને ભરતી મેળા પણ સવારના ૧૦ કલાકથી શરૂ થશે. આ ભરતી મેળામાં જિલ્લાના નોકરીદાતાઓ અને રોજગાર વાંચ્છુક યુવાનોને સહભાગી બનવા રોજગાર અધિકારીએ જણાવ્યું છે.

રવિવારે શ્રી બિહોલા રાજપૂત સમાજનું સ્નેહસંમેલન તથા સન્માન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૩

ગુજરાતના શ્રી બિહોલા રાજપૂત સમાજ દ્વારા આગામી તા. ૫મી ડિસેમ્બર રવિવારના રોજ સમાજના 'સ્નેહ સંમેલન તથા સન્માન સમારંભનું' આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમ અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકાના ભાવડા મુકામે યોજાશે. જે અંગે સમાજના ઉપપ્રખુખ દિલીપસિંહ બિહોલાએ જણાવ્યું હતું કે શ્રી બિહોલા રાજપૂત સમાજ ગુજરાતનો સ્નેહ સંમેલન તથા સન્માન સમારંભ જાણીતા એડવોકેટ તથા રાજપૂત અગ્રણી રતનપુરના પૃથ્વીસિંહજી પી.બિહોલાના અધ્યક્ષ સ્થાને યોજાશે. જેમાં અભેસિંહજી બિહોલા અને ભીખુસિંહજી બિહોલા મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહેશે. કાર્યક્રમમાં ક્ષત્રિય યુવક સંઘ પ્રેરિત ઈતિહાસના અમરપાત્રો અંતર્ગત મહાવીરસિંહજી શેખાવત દ્વારા 'ક્ષત્રિય વીર શિરોમણી સામંતસિંહજી બિહોલા' પુસ્તકનું વિમોચન કરાશે તેમજ સમાજના તેજસ્વી તારલાઓનું સન્માન કરાશે.

દહેગામ ફેકટરી માલિકની પાઈપ મારી હત્યા કરનાર આરોપી ઝડપાયો

પોલીસની વિવિધ એજન્સીઓ આરોપીને પકડવા માટે કાર્યરત હતી, અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાંચના જવાનોએ આરોપીને બિહારથી પકડ્યો

ગાંધીનગર, તા.૩ ફોટો

દહેગામ જીઆઈડીસીમાં આવેલી શ્રી હરી પાઈપની ફેકટરીના માલિકને માથાના ભાગે લોખંડની પાઈપના ફટકા મારી મોતને ઘાટ ઉતારનાર આરોપીને અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાંચના જવાનોએ બિહાર ખાતેથી ઝડપી પાડ્યો છે. આરોપીને પકડવા માટે પોલીસની વિવિધ ટીમો કામે લાગી હતી. જેમાં શહેર ક્રાઈમ બ્રાંચની ટીમને સફળતા મળી હતી.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગત તા.૮ જુલાઈના રોજ રાત્રીના નવ વાગ્યાના અરસામાં દહેગામ જીઆઈડીસી ખાતે આવેલી શ્રી હરી પીવીસી પાઈપ ફેકટરીના માલિક ગૌતમભાઈ પટેલને ફેકટરીમાં કામ કરતા કારીગર અખિલેશ ઉર્ફે અકલેશ બિહારી નામના શખ્સે ગૌતમભાઈને માથાના ભાગે લોખંડની પાઈપના અસંખ્ય ફટકા મારી મોતને ઘાટ ઉતારી દઈને રોકડા રૂ.૬૦ હજાર અને મોબાઈલ લઈ છુમંતર થઈ ગયો હતો. ફેકટરીના માલિકની ક્રુર હત્યાને પગલે દહેગામ સહિતના વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી. ત્યારે આ અંગે દહેગામ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ હતી. જેને પગલે પોલીસની વિવિધ ટીમો આરોપીને પકડવાની દિશામાં કામે લાગી

હતી. અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચના અધિક પોલીસ કમિશનર પ્રેમવીરસિંહ અને નાયબ પોલીસ કમિશનર ચૈતન્ય માંડલીક દ્વારા સુચના અને માર્ગદર્શન મળતા પીઆઈ એન.આર.બ્રહ્મભટ્ટ, તેમજ પીએસઆઈ જે.ડી.બારોટ, પીએસઆઈ કુલદીપ પરમાર તેમજ પોલીસ સ્ટાફના જવાનો સહિતની ટીમ કામે લાગી હતી. તે દરમિયાન અચાનક પીઆઈ એન.આર.બ્રહ્મભટ્ટને બાતમી મળી હતી કે આરોપી તેના વતન બિહારમાં છુપાઈને રહે છે. જેથી પીએસઆઈ જે.ડી.બારોટની ટીમ બિહાર ખાતે પહોંચી હતી. આરોપી પર વોચ રાખીને અખિલેશ ઉર્ફે અકલેશ ફુલેશ્વર રીસીદેવ (ઉં.૨૩ રહે. ગામ-રૂગનાથપુરા, થાના-ભરગામા, જી.અરેરીયા બિહાર) મળી આવતા તેના વતન થી દબોચીને અમદાવાદ લાવવામાં આવ્યો હતો. જયારે દહેગામ પોલીસને આરોપી સુપરત કરવા માટેની તજવીજ હાથ ધરી છે.

રાજ્યમાં કોરોના વાયરસના ૪૫ નવા કેસ

ગાંધીનગર, તા.૩

ગુજરાતમાં કોરોનાનો કહેર વધી રહ્યો હોય તેવું લાગી રહ્યું છે. રાજયમાં આજે કોરોનાના ૪૫ નવા કેસ સામે આવ્યા હતા. તો બીજી તરફ ૪૫ દર્દીઓ સાજા પણ થયા હતા. અત્યાર સુધીમાં કુલ ૮,૧૭,૨૦૩ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યા છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ ૯૮.૭૪ ટકાએ પહોંચી ચુક્યો છે. તો બીજી તરફ રાજ્ય સરકાર રસીકરણના મોરચે પણ મજબુતીથી લડી રહી છે. આજે કુલ ૩,૯૦,૧૫૪ રસીના ડોઝ આપવામાં આવ્યા હતા. એક્ટિવ કેસની વાત કરીએ તો રાજયમાં હાલ કુલ ૩૧૮ એક્ટિવ કેસ છે. જે પૈકી ૦૮ નાગરિકો વેન્ટિલેટર પર છે. ૩૧૦ નાગરિકો સ્ટેબલ છે. ૮,૧૭,૨૦૩ નાગરિકો ડીસ્ચાર્જ થઈ ચુક્યાં છે.

દિવ્યાંગ બાળકોને વિવિધ સાધન સહાય-ચેક વિતરણ કરાયા

ગાંધીનગર, તા. ૩

શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણીએ વિશ્વ દિવ્યાંગ દિવસની ઉજવણી પ્રસંગે જણાવ્યું હતું કે, સામાન્ય બાળકોની જેમ દિવ્યાંગ બાળકો પણ શિક્ષણ મેળવી સન્માન સાથે ઉત્સાહભેર જીવન જીવી શકે તે માટે આપણે સૌ સંકલ્પબદ્ધ બનીએ.

ગાંધીનગર ખાતે આજે તારીખ ૩ ડિસેમ્બર-વિશ્વ દિવ્યાંગ દિવસની રાજ્યકક્ષાની ઉજવણી નિમિત્તે શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણીના હસ્તે સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત વિવિધ દિવ્યાંગ બાળકોને વિવિધ સાધન સહાય તેમજ ચેક વિતરણ કરવામાં આવ્યા હતા.

મંત્રી વાઘાણીએ આ પ્રસંગે કહ્યું હતું કે ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વિકલાંગોને સમાજમાં વિશેષ સન્માન મળે તેવા ઉદ્દેશ્યથી તેમને 'દિવ્યાંગજન' તરીકે સંબોધન કરીને વિશેષ ઓળખ આપવાનો નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી ગુજરાત સરકાર પણ દિવ્યાંગજનોને કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા અપાતા તમામ લાભો, તેમના અધિકારો સમયસર મળી રહે જેના થકી તેમનો સર્વાંગી વિકાસ થાય તે માટે સતત કાર્યરત છે.

રાજ્યભરની શાળાઓમાં સામાન્ય બાળકોની સાથે દિવ્યાંગ બાળકો અભ્યાસ કરી શકે તેવું વધુ સારુ વાતાવરણ ઉભું કરવું પડશે. દિવ્યાંગ બાળકોને માનસિક અને શારીરિક હૂંફ મળી રહે, કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા અપાતી વિવિધ સહાય છેક છેવાડાના દિવ્યાંગ વિદ્યાર્થીઓ સુધી પહોંચે તેની વધુ ચિંતા કરવી પડશે. રાજ્ય સરકાર દ્વારા દિવ્યાંગ બાળકોને અને તેમની સાથે જોડાયેલા શિક્ષકોને પણ ગુણવત્તાયુક્ત તાલીમ મળી રહે તેની સતત ચિંતા કરવામાં આવી રહી છે અને તેના ભાગરૂપે જ શિક્ષણ તેમજ સરકારી નોકરીમાં પણ દિવ્યાંગોને ખાસ અનામત આપવામાં આવી છે તેમ મંત્રીએ ઉમેર્યું હતું.

જાહેરાત

ગુજરાત સરકારના ૨૦૨૧-૨૨ના નાણાંકીય વર્ષમાં ક્લાઈમેટ ચેન્જ વિભાગ દ્વારા ક્લાઈમેટ ચેન્જ અંગે નોંધપાત્ર કામગીરી બદલ પુરસ્કાર યોજના અમલમાં મૂકવામાં આવેલ છે.

આ યોજના અંતર્ગત ક્લાઈમેટ ચેન્જ અંગે નોંધપાત્ર કામગીરી બદલ પુરસ્કાર યોજના માટે આવેદનો મંગાવવામાં આવે છે. યોજનાના આવેદનપત્રક અને યોજનાકીય વિગતો ક્લાઈમેટ ચેન્જ વિભાગની વેબસાઈટ ccc.gujarat.gov.in તેમજ જેડાની વેબસાઈટ www.geda.gujarat.gov.in પરથી ડાઉનલોડ કરી શકાશે. જેડા ખાતે આવેદનપત્ર મળવાની છેલ્લી તારીખ : ૩/૧/૨૦૨૨ છે. આવેદનકર્તાએ આવેદનપત્રક તેમજ તેને સુસંગત પુરાવા અને દાવાની તમામ સંલગ્ન વિહતો માત્ર રજી.પોસ્ટ, રજી. સ્પીડ પોસ્ટ દ્વારા કચેરી સમય દરમિયાન રૂબરૂ નીચેના સરનામે તા. ૪/૧/૨૦૨૨ના સાંજે ૧૭:૦૦ કલાક સુધીમાં મળી જાય તે રીતે મોકલવાની રહેશે. અન્ય કોઈ માધ્યમથી અરજીઓ સ્વીકારવામાં આવશે નહિ. આવેદનો તેની સાથેના બિડાણો સહિત યોગ્ય સાઈઝના સીલબંધ કવરમાં કવર પર 'ક્લાઈમેટ ચેન્જ અંગે નોંધપાત્ર કામગીરી બદલ પુરસ્કાર માટેનું આવેદન' સ્પસ્ટ દર્શાવીને રજૂ કરવાના રહેશે.

GEDA

સરનામું : નિયામકશ્રી
ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી (જેડા)
બ્લોક નં. ૧૧-૧૨ ઉદ્યોગ ભવન, ચોથો માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૧. ફોન : ૦૭૯-૨૩૨૫૭૨૫૧-૫૩
માહિતી/૧૬૧૯/૨૧-૨૨

ગાંધીનગર જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.
મધુર ડેરી, જીઆઈડીસી, સેક્ટર-૨૫, 'ક' રોડ, ગાંધીનગર

"TOYOTA INNOVA ગાડી વેચવાની છે"

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., મધુર ડેરીની માલિકીની ચાલુ હાલતની નીચે મુજબની ગાડી વેચવાની છે.

ક્રમ	ગાડી નંબર	ગાડીનો પ્રકાર	મોડેલ વર્ષ	તળિયાની કિંમત રૂ.
૧	જીજે-૧૮-બી.ડી.-૬૫૯૯	TOYOTA INNOVA 2.5 Z	વર્ષ-૨૦૧૪	૪,૫૦,૦૦૦/-

ઉપર મુજબની ગાડી જાહેર ઓફર મંગાવીને વેચવાની છે. તો રસ ધરાવનાર પાર્ટીઓએ રૂબરૂમાં ગાડીના ડોક્યુમેન્ટ્સ, આર.સી. બુક, વીમા પોલીસી વગેરે તથા ગાડી જોઈને પોતાના ભાવો / ઓફરો સીલબંધ કવરમાં મોડામાં મોડા તા. ૧૧/૧૨/૨૦૨૧ બપોરના ત્રણ કલાક સુધીમાં રૂબરૂમાં પહોંચતા કરવાની રહેશે. કવર ઉપર 'ગાડીની ઓફર' લખવાનું રહેશે. ભાવ / ઓફર સ્વીકારવા કે નહીં સ્વીકારવાનો મેનેજીંગ ડીરેક્ટરશ્રીનો અબાધિત અધિકાર રહેશે.

મેનેજીંગ ડીરેક્ટર